# જયતિલકસૂરિ વિરચિત "શ્રી ગિરનાર ચૈત્ય પ્રવાડી"

સં. (સ્વ.) અગરચંદ નાહટા–મધુસૂદન ઢાંકી

૩૬ કડીમાં ગૂર્જરભાષા–નિબદ્ધ સંપ્રતિ રચના બૃહદ્ તપાગચ્છીય રત્નાકરસૂરિની પરંપરામાં થઈ ગયેલા જયતિલકસૂરિની છે. એમણે સં. ૧૪૫૬/ઈ. સ. ૧૪૦૦માં અનુયોગદ્વાર–ચૂર્ણીનો ઉદ્ધાર કર્યો હોવાનું જાણમાં છે; અને એમના શિષ્ય રત્નસિંહસૂરિના શિષ્ય ચારિત્રસુંદરગણિએ ૧૪૮૭/ઈ. સ. ૧૪૩૧માં શીલદૂત કાવ્ય રચ્યું છે.[1] એમના ઉપદેશથી ખંભાતના શ્રીમાલી સંઘપતિ હરપતિએ સં. ૧૪૪૯/ઈ. સ. ૧૩૯૩માં ગિરનારની યાત્રા કરી ત્યાં નેમિનાથના મંદિરને દુરસ્ત કરાવેલું. આ હકીકતને લક્ષમાં લેતાં અહીં તેમની પ્રસ્તુત થઈ રહેલી "ગિરનાર ચૈત્ય પ્રવાડી"ને પંદરમા શતકના પ્રારંભ આસપાસ મૂકવામાં હરકત જેવું નથી. વધુમાં આ કૃતિમાં ગિરનાર પર પંદરમા શતકમાં નિર્માયેલાં મંદિરોનો ઉલ્લેખ નથી. આ તથ્ય, અને કૃતિનાં ભાષા–લક્ષણો ઉપર્યુક્ત સમયાંકનને સમર્થન આપી રહે છે. તદુપરાંત રત્નસિંહસૂરિશિષ્યે (નામ અજ્ઞાત) રચેલી "ગિરનાર તીર્થમાલા" (ઈ. સ. ૧૪૫૩ બાદ)થી આ રચના બે પેઢી અગાઉ થયેલી છે અને સ્પષ્ટતયા પ્રાચીન છે. સંભવ તો એવો છે કે શ્રેષ્ઠિ હરપતિની ગિરનારતીર્થની સંઘયાત્રા સમયે, એટલે કે ઈ. સ. ૧૩૯૩માં આની રચના થઈ હોય.

પ્રારંભની પાંચ કડીઓમાં કાવ્યસુલભ સામાન્ય વર્ણન બાદ પરિપાટીકાર તીર્થવન્દના પ્રારંભ કરે છે. પહેલાં તો (મંત્રી તેજપાળે વસાવેલ તેજલપુર, હાલના ઉપરકોટ નીચેના જૂનાગઢની) તેજલવસહી (તેજપાલ વસતી)ના પાર્શ્વનાથને નમી, તે પછી 'જીરણગઢ' (જીર્ણદુર્ગ, જૂનોગઢ એટલે કે ઉપરકોટ)ના મુખમંડન આદીશ્વર તથા વીરના ધામમાં પ્રણામ કરી, સોનરેખ, દામોદર અને ક્ષેત્રપાલ (કાલમેઘ) જોઈ, (તળેટીની) વનરાઈ પાસે પહોંચી ત્યાંથી પાજ ચડતાં ક્રમશઃ ચાર પરબો વટાવી, પાજનું નિર્માણ કરાવનાર બાહડ મુહતા (મહત્તમ વાગભટ્ટ)ને ધન્યવાદ દઈ, દેવકોટની પોળમાં યાત્રી–કવિ પ્રવેશે છે. ત્યાંથી આગળ તીર્થાધિપતિ જિન અરિષ્ટનેમિના ત્રણ દ્વારવાળા મંદિરમાં નમસ્કાર કરી, બહોંતેર દેવકુલિકાઓમાં પ્રણમી, (ત્યાં દક્ષિણ દ્વારમાં રહેલ) અપાપામઢીમાં રહેલ આઠ તીર્થંકરોને પ્રણામ કરી, ત્યાર પછી કલ્યાણત્રય જિનાલયમાં રહેલ નેમિનાથને નમી, આગળ ચન્દ્રગુફા જોઈ, નાગમોર–ઝરા સમીપ ગજેન્દ્રપદ કુંડમાં પ્રક્ષાલન કરી, ઇન્દ્રમણ્ડપ થઈ (ત્યાંથી પાછા વળીને નેમિનાથના મંદિર–સમુદાય પાછળ રહેલ) શત્રુંજયાવતાર તથા સમ્મેતશિખર અને અષ્ટાપદના દેવો (જિનો)ને વંદી (તેની પાછળ આવી રહેલ) કપર્દી યક્ષ ને મરુદેવીનાં મંદિરોમાં નમસ્કાર કરી ઉપર રાજુલ–રથનેમિની ગુફામાં થઈ, ઘંટાક્ષર, છત્રશિલા થઈ અને સહસ્રામ્રવન (સેસાવન)માં ઉતરી પછી અમ્બિકા, સામ્બ, પ્રદ્યુમ્ન અવલોકન શિખર જઈ પ્રણામ કરે છે: ત્યાં (પ્રદ્યુમ્ન શિખરે) (દંતકથાનું) "કંચનબાલક" હોવાનો ઉલ્લેખ કરી સિદ્ધિ–વિનાયકની પોળમાં પ્રણમે છે. તે પછી સહસ્રબિંદુએ ગંગાજળ જોઈ ફરી નેમિનાથના મૂળ મંદિર તરફ વળે છે, અને યાત્રા–સાફલ્યનો આનંદ વ્યક્ત કરે છે. ૩૫મી કડીમાં કર્તા રૂપે જયતિલકસૂરિનું નામ આવે છે.

ગિરનારતીર્થ સંબદ્ધ જૂની ગુજરાતીમાં લખાયેલી ઉપલબ્ધ રચનાઓમાં આ સૌથી પુરાતન જણાય છે. તેનું સંપાદન અહીં લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરની પ્રત ૮૬૦૧ પૃ. ૧૨ થી ૧૩, તેમ જ પ્રથમ સંપાદક પાસેના એક જૂના ઉતારા પરથી અહીં કરેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગિરનાર ચૈત્યપ્રવાડી

સરસતિ વરસતિ અમીય જ વાણી
હૃદય-કમલિ અબ્ભિતરિ આણી
જાણીય કવીયણિ છંદો—૧

ગિરનાર ગિરિવરણ જ કેરી
ચેત્રપ્રવાડિ કરઉ નવેરી
પૂરીય પરમાણંદો—૨

દૂરિથીયા જઉ ડુંગર દીઠઉ
નયણ-જુયલ અમીય-ઘણ વૂઠઉ
ફીટઉ ભવદહ-દાહો—૩

ઝીંઝરીયા-નઉ કોટ જવ ઉલિઉ
મણૂં જનમનું સફલઉ ઉલિઉ(?)
કહુલિઉ મન ઉછાહો—૪

કુઅર શેવર તણીય જ પાલિઇ
મન રંજિઉ તરૂઅરડિ માલિઇ
ટાલઇ દુહ સંતાપો—૫

અમૃત સરીખી આવઇ લહિર જ
જાણે પુણ્યતણી એ મુહુર જ
દુહર ગિયાં કીયા પાપો—૬

તેજલવસહીય પાસ નમિસું
તું આધા સવિ કાજ કરેસિઉં
લેસુઉ પુણ્ય-પભારો—૭

જીરણગઢ મુખમંડણ સામી
આદીસરુ પય સીસ જ ગામી
ધામીય પ્રણમઉ તીરો—૮

આગલિ નયચ્છઈ સોવનરેખી
દામોદર તસ તીરહ દેખી
આરેખી ક્ષેત્રપાલો—૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આંબા રાયણિ તણીય વનરાજી
જાણે આવિઉ જલહર ગાજી
ભાજીય ગિઉ દુક્કાલો—૧૦

મન રંગિ જઉ ચડીય પાજ
તુ નિશ્ચઇ સરીયાં અમ્હ કાજ
રાજ-પાહિં અણુંતો—૧૧

પ્રીય ભણુઈ, દુખિ જઈય તિહાં
અચ્છઈ નિરંતર સીયલી છાહાં
બાહાં મ મેલ્હિસિ કંતો—૧૨

ઇક્કિ વીસમઈ ઇક્કિ આઘા જાઈ
ઇક્કિ મનરંગિ વાયત્ર વાઇ
ઇક ગાયઇ તીહાં ગીતો—૧૩

પહિલી પરવઇં લેઈ વીસામઉ
બીજી ઊપરિ વિહલા ઘામ
જિમ પામુ ભવ-અંતો—૧૪

આગલિ....છઈ માકડ
પગથાહર તીરછો અતિ સાકડ
કાઈ કડિકર રઈજ હાથો—૧૫

ધન ધન તુ બાહડદે મુહતા
મ્રા ........ સહંતા
જાતા સંઘહ સાથો—૧૬

ત્રિહુ શિલા ત્રીજી પર્વ ભણીઈ
ચઉત્થી સૂતકકારણિ સુણીય
હણી ....રો — ૧૭

તુ પામી મઇ પોલિ જ પહિલી
પુણ્ય-કાજિ જે અચ્છઈ સઈલી
હલીસક દિઉ સારો—૧૮

દેઅલ દેખી મનિ ગહગહીયં
સફલહ કઅં જં મારગિ સહીયં
રહીયં પાપ અસેસો—૧૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિન્નિ પયાહિણુ દેઈ ત્રિવારય
માહિ જઈ નેમીસ જુહારઈ
સારઈ કાજ સવેસો—૨૦

ન્હવણુ પૂજ્યીય વંદણુ સારી
બહુત્તરિ દેહરે જિણુહ જુહારી
હારી તે દ્વિં ન જન્મો—૨૧

અપાપામઢિ આઠ તીર્થંકર
ગઈય ચઉવીસી બોલઈ મણિવર
સુરવર કરય પ્રણામો—૨૨

કલ્યાણત્રય નેમિ નમેસૂં
ચંદ્રગૂહા વેગિઈ જાએસિ
કરીસુ સફલા પાગો—૨૩

નાગમોરિ ઝિરિ આગલિ કુંડ જ
ગયંદમઈ પક્ષાલઉ પિંડ જ
ઇંદ્રમંડપ સો ચંગો—૨૪

ઊજલગિરિ સેત્તુજ અવતરીઉ
આદિજિણેસર અમ્હિ અણુસરીઉ
દરીયં હરઉ અસેસો—૨૫

સમેતિસિહરિ અષ્ટાપદિ દેવા
વાંદઉ કવડિજક્ષ મરુદેવા
રાજલિ - રહનમીસો—૨૬

ઘંટાક્ષર છત્રશિલા વખાણું
અંબસહસ્સ પ્રભુ દીક્ષા જાણું
નાણુ હવે તસ રૂખો—૨૭

બિહુ બેટ્ટેસિઇં અબિકમાતા
સાંબ–પજૂન અવલોણા જાતાં
વલતા પ્રણમૂં સુખો—૨૮

તિહં અછઈ કંચન–બલાણૂં
સિદ્ધિ–વણાયગ પોલિ વખાણૂં
જાણું પ્રણમૂં નિત્યો—૨૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહસ્રબિંદ ગંગાજલ જોઈ
પ્રભુ નેમીસરુ દેહ જ ધોઈ
જે ય હુઈ સુપવિતો—૩૦

ક્રમિ ક્રમિ ચૈત્રપ્રવાડિ જ કીધી
મણુય-જનમ ઊગારિ જ લીધી
સીધીય સઘલી ય વાતો—૩૧

ભમીય ભમીય ભવમાહિ જ ભાગુ
તુ પ્રભુ તાહરે પાય જ લાગઉ
માગઉં સિવસુહ-નાતો—૩૨

હરખિઇ મૂલિગભારુ પામીય
નયણિ નરીયખિઉ નેમિ સુસામીય
કામીય-ફ્લ-દાતારો—૩૩

જા ગયણુંગણિ રવિ-સિરિચંદો
મૂરતિ સામિ તણીય તાં નંદુ
આણુંદ સુખ ભારો—૩૪

હું મૂરખ પણુઈ અછું અજાણ
શ્રી જયતિલકસૂરિ બહુમાન
માનું મનમાહિ એહે—૩૫

પઢઇ ગણુઈ જે એ નવરંગી
ચૈત્રપ્રવાડિ અતિહિ સુચંગી
ચંગીય કરઇસુ દેહો—૩૬
"ઇતિ શ્રી ગિરનાર ચૈત્રપ્રવાડિ"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org